ફોર્મ અને પ્રવેશપ્રક્રિયા ફી – રૂ. ૫૦૦-૦૦

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી – ગાંધીનગર

## એમ.ફિલ. (M.Phil) પ્રવેશ – ૨૦૧૬-૧૭ માહિતી અને સૂચનાઓ

અગત્યની તારીખો

| M.Phil. | | |
|---|---|---|
| ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | 30/06/2016 | સાંજે ૫.૩૦ સુધી |
| પ્રવેશ પરીક્ષાની તારીખ | 03/07/2016 | સવારે ૧૧.૩૦ |
| પરિણામની તારીખ | 07/07/2016 | સવારે ૧૧.૦૦ |
| ફી ભરવાની છેલ્લી તારીખ | 22/07/2016 | સાંજે ૫.૩૦ સુધી |

**(૧) સૂચનાઓ –**

1. એમ.ફિલ. (શિક્ષણ) ના અભ્યાસક્રમની જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણેના વિષયમાં અને અન્ય વિષયમાં અનુસ્નાતક પદવીમાં (M.A., M.A.(Edu)., M.Com., M.Sc., M.Ed.,) માં ઓછામાં ઓછા ૫૫ ટકા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૫૦ ટકા ગુણ હોવા જરૂરી છે.
2. એમ. ફિલ. (મનોવિજ્ઞાન) ના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક પદવીમાં (M.A., psychology) ઓછામાં ઓછા ૫૫ ટકા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૫૦ ટકા ગુણ હોવા જરૂરી છે.
3. માસ્ટરના અંતિમ સત્ર/વર્ષનું પરિણામ બાકી હશે, તો સત્ર-૩/વર્ષ-૧ના પરિણામમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે ટકાવારીની પૂર્તતા થતી હોય તો અરજી કરી શકાશે.
4. પ્રવેશ મેળવ્યા પછી પણ કોઇપણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરી શકાશે.
5. અભ્યાસનું માધ્યમ ગુજરાતી રહેશે. લઘુશોધ નિબંધ(ડીઝર્ટેશન) ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં કરી શકાશે. ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમમાં અભ્યાસ કરવા ઇચ્છતા ઉમેદવારોએ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગનો સંપર્ક કર્યા પછી જ અરજીપત્રક ભરવું.

6. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર અનામતના ધોરણો રહેશે.
7. અંધ ઉમેદવાર સિવાય કોઇપણ ઉમેદવારને જે પેપરમાં જેટલો સમય ફાળવવામાં આવ્યો છે, એનાથી વધારાનો સમય મળશે નહિ.
8. દરેક ઉમેદવારે પરીક્ષા ખંડ છોડ્યા પહેલા તેમનું પ્રશ્નપત્ર ફરજિયાતપણે જમા કરાવવાનું રહેશે.
9. પરિણામનું અલગથી ગુણપત્રક કે પ્રમાણપત્રક આપવામાં આવશે નહિ. જવાબપત્રકની પુનઃ ચકાસણી થઇ શકશે નહિ.
10. અંધ ઉમેદવારે રાઇટરની ઉપલબ્ધતા માટે યુનિવર્સિટીને અરજીપત્રક સાથે જ એક અલગથી અરજી કરવાની રહેશે.
11. ઉમેદવારને કોઇપણ પ્રકારનું TA/DA આપવામાં આવશે નહિ.
12. એમ.ફિલ.માં એકથી વધુ વિષય માટે અરજી કરી શકાશે નહીં. જો અરજી કરી હશે તો જે વિષય માટેની પરીક્ષા આપી હશે તે જ માન્ય ગણાશે.
13. પરીક્ષા માટેનું સ્થળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–20, ગાંધીનગર રહેશે.
14. જે ઉમેદવારે પ્રવેશપરીક્ષા આપવાની છે તેઓએ Office Copy વાળુ Admit card ફોટો લગાવીને અરજીપત્રક સાથે મોકલવાનું રહેશે. જયારે Student Copy વાળુ Admit card સંપૂર્ણ ભરીને તેઓએ પ્રવેશ પરીક્ષા સમયે સાથે લાવવાનું રહેશે. તેઓએ ૫૦૦/- ફી ભરવાની રેહેશે.
15. જે ઉમેદવારે JRF/NET/SET પરીક્ષા પાસ કરેલ છે તેઓને પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી. તેઓએ JRF/NET/SET પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે મોકલવાનું રહેશે. તેઓએ Admit card મોકલવાનું રહેશે નહિ. તેઓએ ૨૫૦/- ફી ભરવાની રેહેશે.

**(૨) ફી**

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટેની ફોર્મ ૨૫૦/- અને પ્રવેશ પરીક્ષા ફી રૂ. ૨૫૦/- છે. (ફી પરત મળવાપાત્ર નથી.)
- UGC JRF/NET/SET ઉત્તીર્ણ ઉમેદવારોને પ્રવેશ પરીક્ષા અને પ્રવેશ પરીક્ષા ફી માંથી મૂક્તિ આપવામાં આવશે. તેઓ માટે કુલ જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવશે.
- પ્રવેશપત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઇટ www.cugujarat.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે અને ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તારીખ 30/06/2016 રહેશે. ત્યારબાદ આવેલી અરજી ને ધ્યાનમાં લેવામાં આવશે નહી. પ્રવેશપત્રમાં વિગતો ભરી તેમાં તાજેતરનો પાસપોર્ટ સાઇઝના ફોટો

ચોંટાડીને "ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી" ગાંધીનગરના (Children's University) નામે રૂ. ૫૦૦ ના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા તો યુનિવર્સિટી ખાતે રોકડમાં તા. 30/06/2016 સુધી રોજ સવારે 11.00 થી સાંજે 5.30 સુધીમાં ભરી શકાશે. સંપૂર્ણ ભરેલા અરજી પત્રકો રૂબરૂમાં/આર.પી.એડી/કુરીયર સેવાથી સ્વીકારવામાં આવશે. (બીજો અને ચોથો શનિવાર તેમજ રવિવારે રજા રહેશે)

**(૩) વિષય સંબંધિત સંશોધન સજ્જતા અંગેની પ્રવેશપરીક્ષા**

- ૧૦૦ ગુણની પરીક્ષા તા.૦૩/૦૭/૨૦૧૬ ના રોજ સવારે ૧૧.૩૦ થી ૨.૩૦ વાગ્યા સુધી
- ઉમેદવારે પ્રવેશ પરીક્ષાના સમય કરતાં અડધો કલાક (૧૧.૦૦) પહેલા પરીક્ષા સ્થળે હાજર રહેવાનું રહેશે. ૧૧-૪૫ પછી આવનારને પરીક્ષામાં પ્રવેશ મળશે નહીં.
- ઉત્તીર્ણ થવાનું ધોરણ ૫૦ ટકાનું છે.
- પ્રશ્નપત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| - હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો (૫૦ પ્રશ્નો) | ૫૦ ગુણ |
| - ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો (૫ પ્રશ્નો) | ૨૫ ગુણ |
| - નિબંધ સ્વરૂપના પ્રશ્નો (૨ પ્રશ્નો) | ૨૫ ગુણ |

- M. Phil. (શિક્ષણ) પરીક્ષાનો અભ્યાસક્રમ NET/SET મુજબ રહેશે. જ્યારે ગુણ ફાળવણી નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| - સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન | ૪૦ ગુણ |
| - ફિલોસોફી અને સોસ્યોલોજી | ૩૦ ગુણ |
| - શૈક્ષણિક મનોવિજ્ઞાન | ૩૦ ગુણ |

- M. Phil. (મનોવિજ્ઞાન) પરીક્ષાનો અભ્યાસક્રમ NET/SET મુજબ રહેશે. જ્યારે ગુણ ફાળવણી નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| - સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન | ૪૦ ગુણ |
| - મનોવિજ્ઞાનના સિદ્ધાંતો અને સંપ્રદાયો | ૬૦ ગુણ |

**(૪) અંતિમ પ્રવેશ બાબતે**

- જાહેરાતમાં દર્શાવેલી કુલ બેઠકો પૈકી ૫૦ ટકા જગ્યાઓ યુ.જી.સી. JRF/NET/SET ઉત્તીર્ણ ઉમેદવારો માટે અને તે સિવાયના ઉમેદવારો માટે ૫૦ ટકા જગ્યાઓ ફાળવવામાં આવશે. જગ્યાઓની આ ફાળવણી પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે. કોઇ એક ભાગમાં જગ્યાઓ ખાલી રહેશે તો વાઇસ ચાન્સેલરના આદેશ અનુસાર જગ્યાઓ ભરાશે.

- પસંદગી પામેલ ઉમેદવાર જો અંતિમ તારીખ સુધીમાં ફી જમા નહીં કરાવે તો પ્રતિક્ષા યાદીમાં રહેલા ઉમેદવારને અગ્રતાક્રમ અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ પરીક્ષા અને અનુસ્નાતક ગુણના આધારે નીચે દર્શાવેલા ભારાંક મુજબ અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે. માત્ર પ્રવેશ મળ્યાની માહિતી જાહેર કરવામાં આવશે. ગુણાંકન જાહેર કરવામાં આવશે નહિ.

| | | |
|---|---|---|
| સંબંધિત માસ્ટર પદવી પરીક્ષામાં મેળવેલ ટકાના | ૨૦ ટકા | ભારાંક |
| પ્રવેશ પરીક્ષા | ૮૦ ટકા | ભારાંક |

(૫) ઉમેદવારે અરજીપત્ર સાથે ફોર્મમાં જણાવેલ બધી જ લાયકાતોના પ્રમાણપત્રો જોડવાનાં છે.

૧. એસ.સી./એસ.ટી.ના ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર જોડાવું.

૨. ઓ.બી.સી.નાં ઉમેદવારોએ તેમનું નોનક્રિમિલેયર પ્રમાણપત્ર (તા. ૦૧/૦૪/૨૦૧૬ પછી કઢાવેલું માન્ય ગણાશે.) જોડાવું.

૩. શારીરિક અપંગતા ધરાવતા ઉમેદવારોએ તેમનું પ્રમાણપત્ર જોડાવું.

૪. બી.એ./બી.કોમ./બી.એસ.સી. વગેરે ગુણપત્રકની અને પ્રમાણપત્રની નકલ

૫. એમ.એ./એમ.કોમ./એમ.એસ.સી./એમ.એડ./એમ.એ. (એજ્યુકેશન) વગેરેની ગુણપત્રકની અને પ્રમાણપત્રકની નકલ

૬. UGC JRF/NET/SET પ્રમાણપત્રકની નકલો

■